# કેવિકે, નવસારી  ખાતે કુપોષણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિકાસ વર્ષ ૨૦૧૪ અંતર્ગત નવસારી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કુપોષણ દૂર કરવા આદિવાસી ખેડૂત મહિલાઓમા જાગૃતિ અર્થે યોજાયેલ કાર્યક્રમમાં ઉદઘાટક અને જીલ્લા સમાહર્તા રેમ્યા મોહને કુપોષણની સામે લડવા ઉપસ્થિત મહિલા અગ્રણિઓનું કૃષિ વિભાગ અને ગ્રામપંચાયત સમિતિઓને આગળ આવવા આહવાન કર્યુ હતુ. તેમણે જણાવ્યું કે ખેડૂતોએ રોકડિયા પાકોની સાથે પોષણ અર્થે શાકભાજી અને કિચનગાર્ડન તૈયાર કરવા જોઈએ. પ્રમુખ સ્થાનેથી કુલપતિશ્રી ડૉ. એ. આર. પાઠકે કુપોષણના કલંક સામે લડવા સંપુર્ણ આહાર, દૂધ, કિચનગાર્ડન થકી શાકભાજી તથા ગૌણ ફળો સાથે રસોઈની પરંપરાગત પધ્ધતિઓ પર પ્રકાશ પાડી ગૃહિણી જ આ કુપોષણના કલંકને દુર કરી શકે તેમ ભાર પૂવર્ક જણાવ્યું હતુ.

કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વડા ડૉ સી. કે. ટીંબડીયાએ કેન્દ્ર દ્વારા હાથ ધરાયેલ પ્રવૃતિઓનો ચિતાર આપી ભવિષ્યમાં કુપોષણ દુર કરવા કેવિકે દ્વારા થનાર કાર્યક્રમોની વિગતે વાત કરી હતી. જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. કન્નરે તથા આઈ.સીડી.એસના કુસુમબેન રસપ્રદ માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ સફળ મહિલા સુમિત્રાબેન વિનોદભાઈ પટેલનું રામકૃષ્ણ વેલ્ફેર ટ્રસ્ટ, સુરતના સહયોગથી શાલ ઓઢાડી સન્માન કરાયુ હતુ. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ગીતાબેન ભીમાણીએ કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કેવિકેના વૈજ્ઞાનિકશ્રીઓ, ભીનારના પ્રગતિશીલ ખેડૂતો અને અન્ય સ્ટાફ ગણે સારી જહેમત ઉઠાવી હતી.

| | |
|---|---|
|  |   |
|  |   |